**6.3.1 The institution has performance appraisal system, effective welfare measures for teaching and non-teaching staff and avenues for career development/progression.**

**Records of the Institute's Employees benefitted with the Career Advancement Scheme (CAS)**

| Sr. No. | Faculty's Name | Subject | Joining Date | Pay Scale as per 6th pay Commission | Pay Scale as per 7th pay Commission | Date of Effective Revised Pay |
|---|---|---|---|---|---|---|
| 1 | Dr. Meghna R. Adhvaryu | Botany | 26/09/2013 | PB 3 (15600-39100) AGP 7000 | Academic Level 11 (68900-205500) | 28/11/2017 |
| 2 | Dr. Dharmesh H. Mahajan | Chemistry | 18/03/2013 | PB 3 (15600-39100) AGP 7000 | Academic Level 11 (68900-205500) | 18/03/2017 |
| 3 | Dr. Rajesh C. Senma | Zoology | 04/04/2013 | PB 3 (15600-39100) AGP 7000 | Academic Level 11 (68900-205500) | 04/04/2017 |

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

મહેકમ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

ક્રમાંકઃ મકમ/ESC2/CAS/રિવાઇસ/૨૦૨૩/૬૦૩-૭૨૯ તા.૨૪/૦૧/૨૦૨૩

વંચાણે લીધા :-

(1) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. 30/06/2010ના રોજ પ્રસિદ્ધ થયેલ યુ.જી.સી. રેગ્યુલેશન 2010
(2) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : એનજીસી/112009/3734/ખ, તા. 11/11/2009
(3) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : એનજીસી/112009/3734/ખ (પાર્ટ ફાઈલ), તા. 4/12/2009
(4) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : એનજીસી/112011/1050/ખ તા. 27-4-2011, તા.18-04-2016 અને તા. 3-8-2016
(5) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : એનજીસી/112011/1050/ખ (પાર્ટ ફાઈલ), તા. 6/3/2017
(6) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના પત્રક્રમાંક : જીસીઓ-1516-સીસી-42-/ખ તા. 6/3/2017
(7) ઉ. શિ. ક.ની કચેરીના આદેશક્રમાંક : મકમ/ESC 2/CAS/135/2017/1818-2233, તા. 7/3/2017
(8) ઉ. શિ. ક.ની કચેરીના આદેશક્રમાંક : મકમ/ESC 2/સિલેગ્રેડ/2019/19-349, તા. 3/1/2019
(9) ઉ. શિ. ક.ની કચેર્રીના આદેશક્રમાંક : મકમ/ESC 2/સિલેગ્રેડ/2019/1176-84, તા. 15/1/2019
(10) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : પગર /1018/192/ખ, તા. 1/2/2019
(11) વિભાગનો તા. 07/07/2022નો સમાનાંકી પત્ર
(12) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. 18/7/2018ના રોજ પ્રસિદ્ધ થયેલ યુ.જી.સી. રેગ્યુલેશન 2018
(13) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : પગર/1018/192/ખ, તા. 8/09/2022
(14) ઉ. શિ. ક.ની કચેરીના આદેશક્રમાંક : મકમ.2/સીએએસ/2022/10504-614, તા. 11/10/2022

**કચેરી આદેશ :-**

આમુખ (2) અને (3) માં વંચાણે લીધેલ શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : એનજીસી/112009/3734/ખ, તા.11/11/2009 અને શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : એનજીસી/112009/3734/ખ (પાર્ટ ફાઈલ), તા. 4/12/2009ના ઠરાવથી રાજ્યની સરકારી કોલેજોના પ્રાધ્યપકો માટે યુ.જી.સી.ની ભલામણ મુજબ છઠ્ઠા પગારપંચ પ્રમાણે પગારધોરણો અમલ કરવામાં આવેલ હતો. આમુખ (1) ના યુ.જી.સી. રેગ્યુલેશન 2010માં જણાવ્યા મુજબ પ્રાધ્યાપકશ્રીઓને કેરીઅર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ પગારધોરણ મેળવવા માટે PBAS આધારિત API સ્કોર નિયત કરવામાં આવેલ હતા. આમુખ (4)ના શિક્ષણ વિભાગના તા. 27-4-2011ના ઠરાવથી ઉક્ત યુ.જી.સી. રેગ્યુલેશન 2010ની જોગવાઈ મુજબ પ્રાધ્યાપકોને સી.એ.એસ. હેઠળ પગારધોરણ મેળવવા માટે PBAS આધારિત API સ્કોર લાગુ પાડવામાં આવેલ હતા. આમુખ

(4)ના શિક્ષણ વિભાગના તા. 18/04/2016ના ઠરાવથી પ્રાધ્યાપકોને સી.એ.એસ. મંજૂર કરવા માટેની સમિતિનું માળખું તથા તે માટેની પ્રક્રિયા નિયત કરવામાં આવેલ હતી.

યુ.જી.સી. રેગ્યુલેશન 2010 તથા શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવોની જોગવાઈઓ અનુસાર રાજ્યની સરકારી કોલેજોના પ્રાધ્યાપકોના સી.એ.એસ. હેઠળના સ્કેલ મંજૂર કરવા માટે સ્ક્રીનીંગ કમ ઈવેલ્યુએશન કમિટિ અને પસંદગી સમિતિ દ્વારા પ્રાધ્યાપકોના એ.પી.આઈ.ની ચકાસણી ઉપરાંત પ્રાધ્યાપકોના ખાનગી અહેવાલ તથા સેવાપોથી સહિતની ચકાસણી કરવામાં આવેલ હતી. આ સમગ્ર પ્રક્રિયા બાદ સામેલ પત્રકમાં દર્શાવેલ સંબંધિત પ્રાધ્યાપકોના છઠ્ઠા પગારપંચ મુજબ સી.એ.એસ. મંજૂર કરવા માટે ભલામણ કરવામાં આવેલ હતી.

આમુખ દર્શાવેલ ઠરાવો અને જોગવાઈઓને આધીન તેમજ સ્ક્રીનીંગ કમ ઈવેલ્યુએશન કમિટિ અને પસંદગી સમિતિની ભલામણ અનુસાર પ્રથમ તબક્કામાં આમુખ (7) અન્વયે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તા. 7/3/2017ના આદેશથી 03 પ્રાધ્યાપકોના PB 3 પગારધોરણ 15600–39100, AGP 7000, 200 પ્રાધ્યાપકોના PB 3 પગારધોરણ 15600–39100, AGP 8000 તેમજ 116 પ્રાધ્યાપકોના PB 4 પગારધોરણ 37400–67000, AGP 9000 એમ કુલ 319 પ્રાધ્યાપકોના છઠ્ઠા પગારપંચ મુજબ સી.એ.એસ. મંજૂર કરવામાં આવેલ હતા. જ્યારે બીજા તબક્કામાં આમુખ (8) અને (9) અન્વયે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તા. 3/1/2019ના આદેશથી 156 પ્રાધ્યાપકોના PB 3 પગારધોરણ 15600–39100, AGP 7000, 08 પ્રાધ્યાપકોના PB 3 પગારધોરણ 15600–39100, AGP 8000 તેમજ 82 પ્રાધ્યાપકોના PB 4 પગારધોરણ 37400–67000, AGP 9000 એમ કુલ 246 પ્રાધ્યાપકોના છઠ્ઠા પગારપંચ મુજબ સી.એ.એસ. મંજૂર કરવામાં આવેલ છે.

ઉક્ત આમુખ (10) અન્વયે શિક્ષણ વિભાગના તા. 1/2/2019ના ઠરાવથી રાજ્યની યુનિવર્સિટીઓ અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને કેન્દ્રિય સાતમા પગારપંચ/યુજીસીની ભલામણ મુજબ તા. 1/1/2016થી પગારસુધારણાનો લાભ સ્કેલ ટુ સ્કેલના ધોરણે મંજૂર કરવામાં આવેલ છે. પરંતુ આ ઠરાવની શરત નં 8 મુજબ 1/1/2016 બાદ મળવાપાત્ર થતા કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ મુજબના લાભો મંજૂર કરવા માટે નાણા વિભાગની અલગથી મંજૂરી મેળવવા અંગેની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ હોઈ નાણા વિભાગની અને સરકારશ્રીની મંજૂરી મેળવીને રાજ્યની યુનિવર્સિટીઓ અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને તા. 1/1/2016 અને ત્યારબાદ સી.એ.એસ. અંતર્ગત મળવાપાત્ર લાભો મંજૂર કરવાની અનુમતિ આમુખ (10)થી આપવામાં આવેલ છે.

આમુખ (13) અન્વયે શિક્ષણ વિભાગના તા. 8/09/2022ના ઠરાવથી રાજ્યની ઉચ્ચ શિક્ષણની યુનિવર્સિટીઓ, સરકારી કોલેજો, બિનસરકારી અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના શૈક્ષણિક સ્ટાફ માટે કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ (સી.એ.એસ.)ની જોગવાઈઓ લાગુ પાડવામાં આવેલ છે. આ ઠરાવના ક્રમ નં. (2) મુજબ તા. 18/7/2018ના યુ.જી.સી. રેગ્યુલેશન 2018ના નોટિફિકેશનની જોગવાઈ મુજબ તા. તા. 18/7/2018 થી ત્રણ વર્ષ (એટલે કે તા. 17/7/2021) સુધીમાં જે પણ અધ્યાપક સી.એ.એસ. હેઠળ લાભ મેળવવા પાત્રતા ધરાવે છે તેઓ યુ.જી.સી. રેગ્યુલેશન 2010 અથવા યુ.જી.સી. રેગ્યુલેશન 2018 પૈકી કયા રેગ્યુલેશન હેઠળ સી.એ.એસ. અંતર્ગત લાભ મેળવવા માગે છે તેનો વિકલ્પ આપી શકે છે. ઠરાવની આ જોગવાઈ અનુસાર આમુખ (14) અન્વયે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તા. 11/10/2022ના પત્રથી જે પ્રાધ્યાપકોને તા. 1/1/2016 બાદ મળવાપાત્ર હોય અને છઠ્ઠા પગારપંચ મુજબ સી.એ.એસ. મંજૂર કરવામાં આવેલ હોય તેવા કેસોમાં સાતમાં પગારપંચ મુજબના આદેશો રિવાઈઝ કરવાનું જણાવવામાં આવેલ અને તા. 15/10/2022 સુધીમાં વિકલ્પ ફોર્મ ભરી અત્રેની

કચેરી ખાતે જમા કરાવવાનું જણાવવામાં આવેલ હતું, જેના અનુસંધાને અત્રેની કચેરીને સરકારી કોલેજોના કુલ 274 પ્રાધ્યાપકશ્રીઓના વિકલ્પ ફોર્મ પ્રાપ્ત થયેલ છે અને તેઓએ યુ.જી.સી. રેગ્યુલેશન 2010 મુજબ સી.એ.એસ. મેળવવા માગે છે તે મુજબનો વિકલ્પ પસંદ કરેલ છે.

અત્રેની કચેરીને મળેલ વિકલ્પ ફોર્મની વિગતોને ધ્યાને લેતા આ સાથે સામેલ પત્રક 1માં દર્શાવેલ છઠ્ઠા પગારપંચ મુજબ મંજૂર થયેલ 155 પ્રાધ્યાપકોના PB 3 – 15600–39100 (AGP 7000)નું પગારધોરણ સાતમા પગારપંચ મુજબના પગારધોરણ એકેડમિક લેવલ 11 (પગારધોરણ 68900–2,05,500) મુજબ, પત્રક 2માં દર્શાવેલ 02 પ્રાધ્યાપકોના છઠ્ઠા પગારપંચ મુજબ મંજૂર થયેલ PB 3–15600–39100 (AGP 8000)નું પગારધોરણ સાતમા પગારપંચ મુજબના પગારધોરણ એકેડમિક લેવલ 12 (પગારધોરણ 79,800–2,11,500) મુજબ તેમજ પત્રક 3માં દર્શાવેલ 117 પ્રાધ્યાપકોના છઠ્ઠા પગારપંચ મુજબ મંજૂર થયેલ PB 4 – 37400–67000 (AGP 9000)નું પગારધોરણ સાતમા પગારપંચ મુજબ એકેડમિક લેવલ 13 A (પગારધોરણ 1,31,400 – 2,17,100) અનુસાર સંબંધિત પ્રાધ્યાપકશ્રીઓના નામ સામેની તારીખથી રિવાઈઝ કરવાના આથી આદેશ કરવામાં આવે છે.

સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ જે તે પ્રાધ્યાપકશ્રીના મંજૂર કરાયેલ સી.એ.એસ. હેઠળના પગારધોરણની તારીખ મુજબ કાર્યાલય આદેશ કરી આઈ.એફ.એમ.એસ. હેઠળ પગારબાંધણી કરી સેવાપોથીમાં નોંધ કરી લોકલ ફંડની કચેરીમાં પગાર ચકાસણી કરાવ્યા બાદ જ પગાર આકારવાનો રહેશે.

માન. આયુકતશ્રીની નોંધ ઉપર મળેલ મંજૂરી અન્વયે.

નાયબ નિયામક
(મહેકમ)
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
ગુ.રા. ગાંધીનગર.

**બિડાણ :– પત્રક ૧ થી ૩ મુજબ**

**પ્રતિ,**

૧. સંબંધિત સરકારી કોલેજ
૨. સંબંધિત મદદનીશ પ્રાધ્યાપકશ્રી (આચાર્યશ્રી મારફત)
૩. હિસાબી અધિકારી, સદર કચેરી
૪. સંબંધિત પેટા / જિલ્લા તિજોરી અધિકારીશ્રી
૫. શ્રેયાન અધિક્ષકશ્રી, ખાનગી અહેવાલના ટેબલે, મહેકમ શાખા, સદર કચેરી
૬. હુકમ ફાઈલે

**નકલ સવિનય રવાના :–**

૧. નાયબ સચિવશ્રી (ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગુ.રા. ગાંધીનગર

પત્રક - ૧
રાજ્યની સરકારી કોલેજોના પ્રાધ્યાપકોના CAS અંતર્ગત
છઠ્ઠા પગારપંચ મુજબ મંજૂર થયેલ PB 3 - 15600-39100 (AGP 7000)નું
સાતમા પગારપંચ મુજબ રિવાઈઝ પગારધોરણ એકેડમિક લેવલ 11 (પગારધોરણ 68900-2,05,500)

| ક્રમ | પ્રાધ્યાપકશ્રીનું નામ | વિષય | કોલેજનું નામ | નિમણૂંક તારીખ | છઠ્ઠા પગારપંચ મુજબ મંજૂર થયેલ પગારધોરણ | સાતમાં પગારપંચ મુજબ રિવાઈઝ થયેલ એકેડમિક લેવલ 11નું પગારધોરણ | સાતમાં પગારપંચ મુજબ એકેડમિક લેવલ 11 મુજબ પગારધોરણ રિવાઈઝ થયા તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| 97 | ડૉ. ઉમેશ પોપટ તરપદા | કેમેસ્ટ્રી | સરકારી સાયન્સ કોલેજ, ગાંધીનગર | 18-03-2013 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 18-03-2017 |
| 98 | ડૉ. જયંતી એસ. રાજોરા | કેમેસ્ટ્રી | સરકારી સાયન્સ કોલેજ, ગાંધીનગર | 18-03-2013 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 18-03-2017 |
| 99 | ડૉ. દિપેનકુમાર એસ. ગાંધી | કેમેસ્ટ્રી | સરકારી સાયન્સ કોલેજ, ગાંધીનગર | 18-03-2013 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 18-03-2017 |
| 100 | શ્રી ભાવિન એમ. પટેલ | ગણિત | સરકારી સાયન્સ કોલેજ, ગાંધીનગર | 01-12-2012 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 01-12-2016 |
| 101 | શ્રી મીના વાસુદેવ મુલચંદાની | ગણિત | સરકારી સાયન્સ કોલેજ, ગાંધીનગર | 01-10-2012 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 02-04-2018 |
| 102 | શ્રી યોગિતાબહેન એમ. પરમાર | ગણિત | સરકારી સાયન્સ કોલેજ, ગાંધીનગર | 01-10-2012 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 01-10-2017 |
| 103 | ડૉ.જિજ્ઞાસા ટી. કુમ્મર | માઈક્રોબાયોલોજી | સરકારી સાયન્સ કોલેજ, ગાંધીનગર | 24-02-2014 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 24-02-2018 |
| 104 | ડૉ. બાઅકઝા આરેફા અબ્દુલ ખાલિક | માઈક્રોબાયોલોજી | સરકારી સાયન્સ કોલેજ, ગાંધીનગર | 26-02-2014 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 28-03-2018 |
| 105 | ડૉ. પ્રકાશકુમાર જે. ડબગર | બોટની | ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ | 25-09-2013 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 25-09-2017 |
| 106 | ડૉ. પરિમલ આર. પટેલ | કેમેસ્ટ્રી | સરકારી સાયન્સ કોલેજ, પારડી | 18-03-2013 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 18-03-2017 |
| 107 | ડૉ. મેઘના રાજેન્દ્ર અધ્વર્યુ | બોટની | સરકારી સાયન્સ કોલેજ, વાંકલ | 26-09-2013 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 28-11-2017 |
| 108 | ડૉ. ધર્મેશ એચ. મહાજન | કેમેસ્ટ્રી | સરકારી સાયન્સ કોલેજ, વાંકલ | 18-03-2013 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 18-03-2017 |
| 109 | ડૉ. રાજેશકુમાર છનાલાલ સેનમા | ઝુલોજી | સરકારી સાયન્સ કોલેજ, વાંકલ | 04-04-2013 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 04-04-2017 |
| 110 | ડૉ. પૌરવ કે. મહેતા | બોટની | સરકારી સાયન્સ કોલેજ, માંડવી | 19-09-2013 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 19-09-2017 |
| 111 | ડૉ. કિરણસિંહ ડી. રાઠોડ | ગણિત | સરકારી સાયન્સ કોલેજ, વડનગર | 04-10-2012 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 18-12-2016 |
| 112 | ડૉ. રાજુબહેન એસ. વાઘ | એકાઉન્ટન્સી | સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પડધરી | 22-02-2014 | PB 3 15600-39100 (AGP 7000) | એકેડમિક લેવલ 11 68900-2,05,500 | 22-02-2018 |

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર